સંક્ષિપ્ત સમાચાર

છોટાઉદેપુર જિલ્લામાં મહા શિવરાત્રી પર્વ નિમિતે શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠશે

છોટાઉદેપુર : છોટાઉદેપુર જિલ્લામાં આજરોજ મહા શિવરાત્રી પર્વ હોય જે નિમિત્તે પૂર્વ તૈયારીઓ કરી દેવામાં આવી છે જ્યારે જિલ્લાના 7 તાલુકામાં આવેલા શિવ મંદિરો સુંદર સજાવટ થી અને રોશનીથી સજાવવામાં આવ્યા છે આજરોજ શિવ મંદિરોમાં મહા શિવરાત્રી પર્વ નિમિતે શિવાલયો ઓમ નમઃ સિવાય અને હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે જ્યારે શિવભક્તો ધન્યતા અનુભવશે. છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા મથકની આસપાસ આવેલા પ્રાચીન શિવાલયોમાં દર્શન અને પૂજાનું ઘણું મહત્વ છે જ્યારે હજારો લાખો શ્રદ્ધાળુ જંગલ વિસ્તાર અને છોટાઉદેપુર નદી કિનારે આવેલા મંદિરો ઉપર અતૂટ શ્રદ્ધા રાખે છે છોટાઉદેપુર પ્રસંગ નદી કિનારે આવેલું અતિ પ્રાચીન શ્રી જાગનાથ મહાદેવનું મંદિર વર્ષોથી લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે જ્યારે કાયમી તો ભક્તોનો ઘસારો રહે જ છે પરંતુ શિવરાત્રી જેવા મહાપર્વ નિમિત્તે ભારે માનવ મહેરામણ ઊમટી પડે છે.

મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે છોટાઉદેપુરમાં કંદમૂળ (શક્કરિયાં બટાકા) ખરીદવા ભીડ જામી

છોટાઉદેપુર : છોટાઉદેપુર નગર સહિત જિલ્લામાં આજરોજ તારીખ 15 ને રવિવારના રોજ મહા શિવરાત્રી પર્વની ઉજવણી કરવાની હોય જેમાં દરેક શિવ ભક્તો ઉપવાસ રાખશે અને કંદમૂળ ખાઈને ભગવાન શિવની ઉપાસના કરશે અને ધન્યતા અનુભવશે. આજરોજ છોટાઉદેપુર જિલ્લામાં વેહલી સવારથી બજારોમાં ખૂબ મોટા પ્રમાણમાં કંદમૂળ શક્કરિયાં બટાકા ખરીદવા અર્થે ભીડ જામી હતી. જ્યારે બટાકા 20 રૂ કિલો જ્યારે શક્કરિયાં 50 રૂ કિલો વેચાયા હતા. મહા શિવરાત્રી પર્વ ભક્તો ધામધૂમ પૂર્વક ઉજવતા હોય છે. જ્યારે ઉપવાસ કરવાનું વિશેષ મહત્વ રહેલું છે. આ ઉપવાસ દરમ્યાન કંદમૂળ (શક્કરિયાં બટાકા) ખાવાનું વિશેષ મહત્વ રહેલું છે. જ્યારે ભક્તો ભગવાન શિવને પણ કંદમૂળનો ભોગ ધરાવતા હોય છે. અને ઉપવાસ કરી ધન્યતા અનુભવે છે. આજરોજ જિલ્લાના 7 તાલુકામાં વેહલી સવારથી બજારમાં લારીઓ ઉપર તથા શાકભાજી ખરીદવા અર્થે ભીડ જામી હતી.

શિનોર મુકામે મહાશિવરાત્રી પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવા ભૂદેવો દ્વારા તડામાર તૈયારીઓ

શિનોર : શિનોર મુકામે મહાશિવરાત્રી પર્વ ની પરંપરાગત રીતે ઉજવણી કરવા ભૂદેવો દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. છેલ્લા આઠ દાયકાથી ગામ અને બહાર વસતા ભૂદેવો મહાશિવરાત્રી ના દિવસે શિવ ના ત્રણ સ્વરૂપ માલસર મંદિર ના મંગલનાથ દાદા, ભટ્ટાશેરી ના રુદ્રેસ્વર દાદા અને ભંડારેસ્વર મંદિર ના ભંડારેસ્વર દાદા નું અનોખું મિલન કરાવી બેન્ડ બાજા સાથે નગરયાત્રા કરાવી શિનોર નગર ના સર્વે શિવાલયોમાં આરતી, પૂજન કરાવી રાત્રીના ત્રણેય મહાદેવ ને પોતાના સ્થાને બિરાજમાન કરાવે છે. શિવ રાત્રિ પર્વમાં ગામ ના પરગામ વસતા ભૂદેવો અચૂક આવી આ ઉજવણી નો ભાગ બની ધન્યતા અનુભવે છે.

સાવલીમાં ભીમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રી ઉત્સવની ઉજવણી થશે

સાવલી : સાવલી ગામના અબાલવૃદ્ધ સર્વે ગ્રામ્યજનો અને સમગ્ર વહીવટી મંડળ આ ઉત્સવની તૈયારીઓના પૂર્વ આયોજન માં ઉત્સાહપૂર્વક ભાગ લઇ રહ્યા છે. ભીમનાથ મહાદેવ મંદિરના પરિસરને રંગબેરંગી નવીન રોશનીથી શણગારવામાં આવી રહ્યું છે. રાત્રીના સમયે રંગબેરંગી રોશનીથી ઝળહળતું આ અતિ પૌરાણિક શિવાલય ખરેખર નયન રમ્ય લાગી રહ્યું છે. શિવાલયના પરિસરમાં દર્શનાર્થી ભક્તજનોની સગવડતા માટે વિશાળ મંડપ પણ બાંધવામાં આવી રહ્યો છે. પરમ પૂજ્ય સ્વામીજી અને ગેબીનાથ દાદાના સમાધિ મંદિરો, શિવાલયનું ગર્ભ ગૃહ અને સ્વામીજીની બેઠકને રંગબેરંગી સાચા ફૂલોથી નયનરમ્ય રીતે શણગારવામાં આવી રહ્યું છે. આવા અનોખા શણગાર અને શોભા ને કારણે આખું મંદિર જાણે કોઈ સ્વર્ગની નગરી હોય તેવું જણાઈ રહ્યું છે.

નસવાડી ખાતે અશ્વિન નદી ઉપર શિવરાત્રિના દિવસે ભાતીગઢ મેળો ભરાશે

નસવાડી : છોટાઉદેપુર જિલ્લો આદિવાસી જિલ્લો છે અને આદિવાસી જિલ્લામાં હોળી ના તહેવાર નું ભારે મહત્વ રહેલું છે. હોળી પહેલા ભરાતા મેળાઓમાં આદિવાસી સમાજ ના લોકો ખરીદી અને મેળા નો આનંદ માણવા ઉમટી પડે છે નસવાડી ખાતે અશ્વિન નદી ના કિનારે શિવરાત્રિ ના પર્વ નિમિતે ભાતીગઢ મેળો ભરાશે તેમાં આદિવાસી સમાજ ના લોકો સજીધજી ને મેળા નો આનંદ લુંટવા માટે ઉમટી પડશે અને હોળી પહેલા ના મેળા ની શરૂઆત જિલ્લાના નસવાડી થી થાય છે અને અલગ અલગ વિસ્તારો માં મેળા ભરાશે હાલ તો નસવાડી માં શિવરાત્રિ ના દિવસે હજારો ની સંખ્યા માં માનવ મહેરામણ મેળા નો આનંદ લુંટવા માટે ઉમટી પડશે જ્યારે નસવાડી ના રામનાથ મહાદેવ મંદિર થી પશુપતિનાથ મહાદેવ મંદિર સુધી શિવરાત્રિ ના પર્વ નિમિતે શોભાયાત્રા નીકળશે તેમા ભાવિ ભક્તો ઉમટી પડશે.

ફતેપુરાથી પરત ફરતા કંકાસિયા વળાંક પાસે બલેનો કાર વૃક્ષ સાથે અથડાઈ

સુખસર પોલીસ કોન્સ્ટેબલનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું

સુખસર પોલીસ સ્ટેશનના સ્ટાફ અને સહકર્મીઓમાં પણ દુઃખની લાગણી ફેલાઈ ગઈ છે

(પ્રતિનિધિ) સુખસર, તા.14 ફતેપુરા-સુખસર માર્ગ પર શુક્રવાર સાંજના સમયે એક ગંભીર માર્ગ અકસ્માતમાં સુખસર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનું દુઃખદ અવસાન થયું છે. ફતેપુરાથી પોતાના કબજાની બલેનો કારમાં પરત સુખસર આવી રહેલા કોન્સ્ટેબલ કંકાસિયા ગામ નજીકના વળાંક પર વાહન પરથી કાબૂ ગુમાવતા કાર વૃક્ષ સાથે ધડાકાભેર અથડાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, સુખસર તાલુકાના ઝાબપૂર્વ ગામના વતની જીતેન્દ્રભાઈ સોમાભાઈ મછાર સુખસર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. શુક્રવારે કોઈક કામ અર્થે તેઓ ફતેપુરા ગયા હતા અને સાંજના લગભગ છ વાગ્યાના અરસામાં પરત ફરી રહ્યા હતા. કંકાસિયા વળાંક પાસે પહોંચતા તેમની બલેનો કાર અચાનક નિયંત્રણ બહાર જઈ રોડની સાઈડમાં આવેલા વૃક્ષ સાથે અથડાઈ હતી, જેના કારણે વાહનનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

અકસ્માત બાદ આસપાસના લોકો તરત દોડી આવ્યા હતા. કારના દરવાજા ફસાઈ જતાં, લોખંડના સળિયાની મદદથી દરવાજો તોડી ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને બહાર કાઢવામાં આવ્યા હતા. દેખાવમાં બહારથી મોટી ઈજાઓ ન જણાતી હોવા છતાં આંતરિક રીતે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી તેમને ફતેપુરા સરકારી દવાખાનામાં ખસેડાયા હતા, જ્યાંથી સિટી સ્કેન માટે ઝાલોદ લઈ જવામાં આવ્યા હતા.

જોકે, ગંભીર આંતરિક ઈજાઓના કારણે સારવાર પહેલાં જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ કરુણ ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, જ્યારે સુખસર પોલીસ સ્ટેશનના સ્ટાફ અને સહકર્મીઓમાં પણ દુઃખની લાગણી ફેલાઈ ગઈ છે.

નસવાડી તાલુકાના મોધલા ગામે ગટર ના દૂષિત પાણી થી લોકો હેરાન પરેશાન

નસવાડી : નસવાડી તાલુકાના મોધલા ગામે વણકરવાસ થી ટેકરા ફળિયા તરફ જવાનો રસ્તો આવેલો છે આ રસ્તા ઉપર ગટરો ના દૂષિત પાણી ઉભરાઈ છે અને આ વિસ્તાર ના લોકો ને દૂધ ડેરી માં ભરવા માટે આ રસ્તા ઉપર થી પસાર થવું પડે છે ગટરો ના દૂષિત પાણી થી આજુબાજુ થી માટી ધોવાઈ ને રોડ ઉપર આવી જાય છે અને તેમાં પસાર થવું ગ્રામજનો ને મુશ્કેલી પડી રહી છે સ્થાનિક હરીશભાઈ વિઠ્ઠલભાઈ વણકર ના જણાવ્યા મુજબ સરકાર ગ્રામ પંચાયત માં ગટર બનાવવા માટે લાખો રૂપિયા 15 માં નાણાપંચ માં આપે છે પરંતુ ગટર યોગ્ય રીતે ના બનાવતા હાલ તો ગટરો ના પાણી ઉભરાઈ છે અને અમે દુઃખી થઈ રહ્યા છે આની રજૂઆત સરપંચ અને તલાટી ને કરવા છતાંય યોગ્ય પરિણામ આવતું નથી જેને લઈને આગામી દિવસો માં જલદ આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારાઇ છે.

પાવાગઢ(ચાંપાનેર) પ્રાથમિક શાળામાં માતૃ પિતૃદિનની ઉજવણી કરવામાં આવી

હાલોલ : હાલોલ તાલુકાના સુપ્રસિદ્ધિ યાત્રા પાવાગઢની તળટીમાં આવેલા ચાંપાનેર પ્રાથમિક શાળામાં માતૃ પિતૃ દિનની ઉજવણી કરવામાં આવી. ગામના પ્રથમ નાગરિક સરપંચ એસ.એમ.સી અધ્યક્ષ, શિક્ષણવિદ અને વિદ્યાર્થીઓના માતા-પિતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ માતા પિતા નું કંકુ, ચોખા, પુષ્પ અને આરતી ઉતારી પૂજન કર્યું હતું સમાજમાં માતા-પિતાનું સન્માન બાળકો કરતા થાય અને ભારતીય સંસ્કૃતિનું સન્માન વધે અને જતન થાય તે માટે આજે માતૃ પિતૃ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારા હાજર રહ્યા

ફતેપુરા ખાતે "પ્રાકૃતિક કૃષિ મેળો પાક પરિસંવાદ" કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સુખસર,તા.14 દાહોદ જીલ્લાના ખેડુતોને પ્રાકૃતિક ખેતી અને અધતન કૃષિ ટેકનોલોજી અંગે માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને ખેડુત તાલીમ કેન્દ્ર દ્વારા "પ્રાકૃતિક કૃષિ મેળો-વ-પાક પરિસવાદ" કાર્યક્રમનું રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ ભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ખેતીવાડી વિભાગ,આત્મા વિભાગ, બાગાયત વિભાગ, કૃષી યુનિવર્સિટી આણંદ સહિતના વિભાગો દ્વારા સ્ટોલ લગાવી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને વિવિધ સહાયના ચેક, સાધનો વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી રમેશભાઈ કટારાએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર છેવાડાના માનવીઓ સુધી તમામ પહોંચાડી દરેક નાગરિકોનો સર્વાંગી વિકાસ કરવા માટે કામ કરી રહી છે. ગામડાઓમાં પણ દરેક લોકોને પાયાની સુવિધાઓ મળી રહે અને ખેડૂતો આત્મનિર્ભર બને. એ માટે સરકાર દ્વારા અમલમાં મૂકેલ યોજનાઓ આપ સૌ જરૂરિયાત મુજબ સહાય મેળવો જ્યાં પણ કોઈ મૂંઝવણ થાય વહીવટી તંત્ર સાથે સંકલન કરી આપ યોજનાનો લઈ આર્થિક રીતે મજબૂત બનો.

આ પ્રોજેક્ટ આગામી દોઢ વર્ષમાં વિસ્તારની કાયાપલટ કરશે

મલાવ ખાતે ચાર માર્ગીય કાલોલ બાયપાસ રોડના કામનું ભૂમિપૂજન કરાયું

ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના હસ્તે ખાતમૂહુર્ત કરાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 મલાવથી હિંમતપુરા પાટિયા સુધીના આ નવા ફોર-લેન રોડ બનવાથી સ્થાનિક ટ્રાફિકની સમસ્યામાં મોટો ઘટાડો થશે. સાંસદ રાજપાલસિંહ જાદવના હસ્તે ફોર લેન રોડ નુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન રાઠવા સહિત નગર પાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા, મંડળ પ્રમુખ મહિદિપસિંહ ગોહિલ, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહીલ, શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ સહિત કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. નવા બાયપાસ રોડ ની લંબાઈ આશરે 6 કિમી ની છે જે એકતા એસોસિયેટ દ્વારા બનાવવામાં આવશે અને વર્ક ઓર્ડર મળ્યા બાદ 18 મહિનામાં કામ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે આ માર્ગમાં કુલ 14 નાળા અને એક મોટો પુલ બનાવવામાં આવશે કનેક્ટિવિટીઃ હિંમતપુરા પાટિયાથી મલાવ ચોકડી સુધી ફોર-લેન અને મલાવથી જેતપુર સુધી રોડને પહોળો કરવામાં આવશે.

કાલોલ શહેરમાંથી પસાર થતા હાઈવે પર જે ભારે ટ્રાફિક રહે છે, તેમાં આ બાયપાસ જેવા નવા માર્ગને કારણે મોટી રાહત મળશે.18 મહિનાનો સમયગાળો હોવાથી, આ પ્રોજેક્ટ આગામી દોઢ વર્ષમાં વિસ્તારની કાયાપલટ કરશે તેવી આશા રાખી શકાય.

શિનોરના સુરાશામળ ગામે રૂ. 1.16 કરોડના રોડ અને રૂ. 25 લાખના પંચાયત ઘરનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) શિનોર, તા.14 શિનોર તાલુકો વિકાસના માર્ગે વધુ મજબૂતી સાથે આગળ વધી રહ્યો છે. તાલુકાના સુરાશામળ ગામે અંદાજિત રૂ. ૧ કરોડ ૧૬ લાખના ખર્ચે બનનાર દિવેર થી સુરાશામળ રીસર્ફેસિંગ રોડનું ખાતમુહૂર્ત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. આ માર્ગ બનતા ગ્રામજનોને સુગમ અને સુરક્ષિત વાહનવ્યવહારની સુવિધા મળશે અને આસપાસના ગામો સાથેનો સંપર્ક વધુ સુદ્રઢ બનશે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે આ માર્ગ લાંબા સમયથી જરૂરી હતો અને હવે વિકાસને નવી દિશા મળશે. તે ઉપરાંત અંદાજિત રૂ. ૨૫ લાખના ખર્ચે નવીન પંચાયત ઘરનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. નવું પંચાયત ઘર ગામના વિકાસકાર્યો, વહીવટી કામગીરી અને સામાજિક પ્રવૃત્તિઓ માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.આ પ્રસંગે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી વિકાસયાત્રામાં સહભાગી બન્યા હતા.

મંજુસર પોલીસ મથકની હદમાં જિલ્લા એલસીબીએ 2.95 લાખનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.14 વડોદરા જિલ્લા એલસીબી ની ટીમ ને માહિતી મળેલ કે એક નંબર પ્લેટ વગરનો ટેમ્પોમાં દુમાડ ગામ તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને ટેમ્પો માં ચોર ખાના માં છુપાવીને નમીસરા ગામ તરફ લઈ જઈ રહ્યા છે તેવી બાતમીના આધારે લામડા પુરા કેનાલ પાસે વોચમાં ઉભા હતા ત્યારે બાતમીવાળો ટેમ્પો આવતા તેને ઉભો રાખ્યો હતો અને જેમાં તપાસ કરતા ટેમ્પો ની પાછળની બોડીના નીચે ચોરખાનું બનાવીને દારૂનો જથ્થો છુપાવેલો મળી આવ્યો હતો જે કુલ બોટલ ૧૨૪ નંગ રૂપિયા ૨,૯૫,૫૬૭ નો તેમજ ટેમ્પો ૨,૦૦૦૦૦ અને બે મોબાઇલ રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ ૫,૧૫,૫૬૭ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે અને કલ્લુ ઉર્ફે કલ્પેશ ચીમનભાઈ નાયક રહે ભીંડોલ તા જેતપુર પાવી જી છોટાઉદેપુર ને ઝડપી પાડ્યો છે જેની પ્રાથમિક તપાસમાં પૂછપરછ કરતા આ જથ્થો અરૂણભાઇ હીરાભાઈ તડવી રહે પાનવડ જુના પટેલ ફળિયા તા કવાટ જી છોટાઉદેપુર નો હોવાનું ખુલ્યું હતું આમ જિલ્લા એલસીબી ની ટીમ બુટલેગરોનો વિદેશી દારૂની હેરફેર કરવાની તરકીબ થી અચંબિત થઈ ગઈ હતી.

બોડેલી શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલમાં માતૃ-પિતૃ દિવસની ભવ્ય ઉજવણી

બોડેલી : બોડેલીની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે માતૃ-પિતૃ દિવસની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ભવ્યતા સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકગણની હાજરીએ શાળાનું પ્રાંગણ ભાવનાત્મક અને આનંદમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ગાયત્રી પરિવાર બોડેલી દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે માતૃ-પિતૃ પૂજનથી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાના ચરણ સ્પર્શી આશીર્વાદ મેળવ્યા હતા.

હાલોલ નગરપાલિકાની કડક કાર્યવાહી

વેરા બાકીદારો સામે લાલ આંખ, બે દુકાનો સીલ કરાઈ

૪.૭૫ લાખ રૂપિયાની તાત્કાલિક વસૂલાત, ઝુંબેશ આગળ પણ ચાલુ રહેશે

(પ્રતિનિધિ) હાલોલ તા.14 હાલોલ નગરપાલિકા દ્વારા શહેરમાં વેરા વસૂલાતને લઈને કડક વલણ અપનાવવામાં આવ્યું છે. પાલિકાની વારંવાર લેખિત નોટિસ આપ્યા છતાં બાકી વેરા ન ભરનાર દુકાનદારો સામે શુક્રવારના રોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાની ટીમે બે દુકાનોને સીલ મારતાં જ આસપાસના વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. પાલિકાની આ કાર્યવાહી બાદ અનેક વેરા બાકીદારો તાત્કાલિક ધોરણે સ્થળ પર જ બાકી વેરાની રકમ ભરપાઈ કરવા દોડી આવ્યા હતા. પરિણામે નગરપાલિકાએ અંદાજે રૂ. ૪.૭૫ લાખની વેરા વસૂલાત કરી હોવાનું પાલિકાના સૂત્રોએ જણાવ્યું છે. પાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે વેરા વસૂલાતની આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે.

હાલોલ નગરપાલિકાએ તાજેતરમાં શહેરભરમાં વેરા વસૂલાત માટે વિશેષ ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા બે દિવસથી પાલિકાની ટીમ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાતા વેરા બાકીદારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે પણ પાલિકા ટીમ વેરા બાકીદારો પાસે પહોંચી હતી, પરંતુ વેરો ભરવામાં નિષ્ફળ રહેનાર બે દુકાનોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી. પાલિકા તંત્રના જણાવ્યા મુજબ આવનારા દિવસોમાં શહેરના રહેણાંક વિસ્તારોમાં પણ બાકી વેરા ધરાવતા મિલકતધારકો સામે કાર્યવાહી કરવામાં આવશે. જો રહેણાંક મિલકતધારકો સમયસર વેરો ભરશે નહીં, તો તેમના મકાનોના નળ કનેક્શન કાપવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

નસવાડી તાલુકાના પાલસર ગામે પ્રાથમિક શાળાના નવા ઓરડા બનાવવાની કામગીરી

બાળકોનુ શિક્ષણ ચાલુ રાખવા ખેડૂતે પોતાનુ ઘર શાળાને આપી દીધું

40 થી વધુ વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય બગડતા અટકી ગયું

(પ્રતિનિધિ) નસવાડી, તા.14 નસવાડી તાલુકાના પાલસર ગામે ધોરણ 1 થી 5 ની પ્રાથમિક શાળા ચાલે છે જેમાં 40 થી વધુ વિધાર્થીઓની સંખ્યા છે જ્યારે ગામની પ્રાથમિક શાળાના ઓરડા વર્ષો જુના અને જર્જરિત હોવાથી સરકાર દ્વારા પ્રાથમિક શાળા ના નવા ઓરડા મંજૂર કરવામાં આવતા શાળા ના જૂના ઓરડા તોડી ને નવા ઓરડા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જ્યારે જ્યાં સુધી શાળા ના નવા ઓરડા બનાવવાની કામગીરી ચાલશે ત્યાં સુધી પ્રાથમિક શાળા ના બાળકો ને શિક્ષણ મેળવવામાં મુશ્કેલી ના પડે તે માટે ગામના એક ખેડૂત કિશનભાઇ મૂળજીભાઈ રાઠવા એ પોતાનું ઘર જ્યાં સુધી ઓરડાની કામગીરી ચાલશે ત્યાં સુધી બાળકોને શિક્ષણ મેળવવા માટે બેસવા માટે પોતાનું ઘર આપ્યું છે. જ્યારે ખેડૂત કિશનભાઇ રાઠવાના જણાવ્યા મુજબ અમે તો ભણ્યા નથી.

પરંતુ ગામના બાળકોને શિક્ષણ મેળવવામાં મુશ્કેલી ના પડે તે માટે હું મારા મકાન માં બાળકો ને બેસાડું છું જ્યારે જ્યાં સુધી શાળા ના નવા ઓરડાની કામગીરી ચાલશે ત્યાં સુધી હું મારા મકાનમાં બાળકોને બેસાડીશ જ્યારે મેં એક પણ રૂપિયો લીધા વિના બાળકોને બેસાડું છું.